# જુગારનો શોખ પુરો કરવા માટે ચેઇન સ્નેચીંગ કરનારા બે યુવક ઝડપાયા.

તા.૧૯/૦૨/૨૦૧૭

જુગાર રમવાનો શોખ પુરો કરવા માટે ચેઇન સ્નેચીંગ કરનારા બે યુવકોને ક્રાઇમ બ્રાંચે ઝડપી પાડયા છે. આ યુવકોની તપાસમાં સરથાણા અને ડીંડોલી પોલીસ મથકમાં નોંધાયેલા ત્રણ ગુનાઓનો ભેદ ઉકેલાયો હોવાનું જાણવા મળે છે.

ક્રાઇમ બ્રાંચના સુત્રો પાસેથી પ્રાપ્ત વિગતો અનુસાર ઇન્સ્પેકટર અનિરૂધ્ધ કેપ્ટને ચેઇન સ્નેચીંગના બનાવો રોકવા તથા આવી પ્રવૃત્તિમાં સામેલ તત્વોને શોધી કાઢવા માટે સ્ટાફને કામે લગાવ્યો છે. સબ ઇન્સ્પેકટર એમ. એસ. ત્રિવેદી તેમની ટીમ સાથે આ દિશાની કામગીરી માટે પેટ્રોલીંગમાં હતાં. આ દરમ્યાન મળેલી બાતમીના આધારે ડીંડોલી બસ સ્ટેન્ડ પાસે વોચ ગોઠવી નંબર વગરની પલ્સર મોટર સાયકલ ઉપર ફરતાં બે યુવકોને ઝડપી લેવાયા હતા.

સાગર પ્રહલાદ પાટીલ (રહે.શિવકૃપા સોસાયટી, ગોડાદરા, લીમ્બાયત) અને સાગર રમેશભાઇ ભોઇ (રહે. જય સંતોષી નગર, ગોડાદરા રો) ની અંગ ઝડતી લેવામાં આવતાં તેમની પાસેથી એક સોનાની ચેઇન મળી આવી હતી. ૨૨ હજાર કિંમતની સોનાની ચેઇન અને પલ્સર મોટર સાયકલ અંગે તેઓ સંતોષકારક જવાબ આપી ન શકતાં તેમને અટકાયતમાં લઇ પુછપરછ કરવામાં આવી હતી. આ તપાસ દરમ્યાન તેઓએ આ ચેઇન મોટર સાયકલ ઉપર ફરીને મહિલાના ગળામાંથી તોડી હોવાનું બહાર આવ્યું હતું. વિસ્તૃત તપાસમાં આ બે જણાએ સરથાણા અને ડીંડોલી વિસ્તારમાં ત્રણ ચેઇન સ્નેચીંગ કરી હોવાનું ખુલાસો થયો હતો. પોલીસ સૂત્રોના કહેવા પ્રમાણે આ યુવકો જુગાર રમવાની ટેવવાળા છે. જુગારનો શોખ પુરો કરવા માટે જરૂરી પૈસા મેળવવા ચેઇન સ્નેચીંગ કરવા માંડયું હતું.

ઉલ્લેખનીય છે કે શહેરના અન્ય વિસ્તારમાં પણ ચેઇન સ્નેચીંગના બનાવ બની રહ્યા છે ત્યારે પોલીસે આતંક મચાવી રહેલી આવી અન્ય અછોડા તોડ ટોળકી સામે કાર્યવાહી હાથ ધરવાની જરૂર છે.